**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.831
Volume - 7, Issue - 03 March - 2024

DOIs:10.2018/SS/202403005 --:-- Research Paper / Article / Review

# A Study of School Safety Awareness Among School Teachers

**Ajitkumar M. Makwana**
Research Scholar
Indian Institute of Teacher Education, Gandhinagar.
Email - ajitsingmakwana@ymail.com

***Abstract:*** આપત્તિ વ્યવસ્થાપન એ શબ્દ છે જે તાજેતરમાં ભારતમાં લોકપ્રિય છે .નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી )NDMA) ની રચના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ 2005 હેઠળ કરવામાં આવી છે, જેમાં ભારતના વડા પ્રધાન તેના અધ્યક્ષ છે . સરકાર આપત્તિ વ્યવસ્થાપનના મહત્વને ભારપૂર્વક આગ્રહ કરે છે અને તમામ શૈક્ષણિક સંસ્થાઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પર રિફ્રેશર કોર્સ ચલાવવાની સલાહ આપે છે.

શાળામાં અને તેની આસપાસ સલામત અને સુરક્ષિત વાતાવરણ અસરકારક શિક્ષણ માટેની પૂર્વશરત છે .શાળાના બાળકોની સલામતીને ધ્યાનમાં રાખીને અને તેમને ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્ર તરીકે સલામત શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવા માટે ભારતની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ) NDMA(એ2016 માં શાળાના બાળકોને સલામતીના દ્રષ્ટિકોણ સાથે રાષ્ટ્રીય શાળા સલામતી નીતિ માર્ગદર્શિકા તૈયાર કરી હતી અને તેના અમલીકરણ માટે રાજ્યોને નિર્દેશ કર્યો હતો .આપત્તિ વ્યવસ્થાપન યોજનાની તૈયારી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ 2005 હેઠળ ફરજિયાત જોગવાઈઓમાંની એક છે . પ્રસ્તુત પેપરમાં અમદાવાદના શિક્ષકોમાં શાળા સલામતી અંગેની જાગૃતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો .

આ સંદર્ભમાં, પ્રાથમિક શાળાના શિક્ષકોમાં કુદરતી આફતો અને આપત્તિઓના સંચાલન અંગેની જાગૃતિનું વિશ્લેષણ કરવું જરૂરી છે .પ્રાથમિક શાળાના શિક્ષકો વચ્ચે એક સંશોધનીનું સંચાલન કરવામાં આવ્યું હતું અને તેમના જવાબોનું વિશ્લેષણ અને ગણતરી કરવામાં આવી હતી .આ અભ્યાસ દર્શાવે છે કે પ્રાથમિક શાળાના શિક્ષકોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની જાગૃતિમાં સુધારો થવો જોઈએ .તે એ પણ દર્શાવે છે કે આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત સામાન્ય જાગૃતિ, પ્રવૃત્તિઓ અને વહીવટમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો બંનેને સેવા તાલીમ આપવી જોઈએ.પ્રાપ્ત પરિણામો દર્શાવે છે કે આપત્તિ જાગૃતિ અંગે શિક્ષકોમાં શાળા સલામતી અંગે લગભગ 69 % જાગૃતતા છે. આ શાળા સલામતી જાગૃતિ શિક્ષણની જરૂરિયાતને પ્રકાશિત કરે છે .અમદાવાદના શિક્ષકોમાં આપત્તિની તૈયારી અંગે સ્વીકાર્ય જ્ઞાન અને હકારાત્મક વલણ સાથે પ્રેક્ટિસનું સ્તર મોટે ભાગે હકારાત્મક હતું .એવું નિષ્કર્ષ પર આવે છે કે આપત્તિ ક્યારેય બની નથી તેનો અર્થ એ નથી કે તે થઈ શકે નહીં .શિક્ષકો આપત્તિની સ્થિતિમાં ઉપયોગી કાર્યબળ સાબિત થઈ શકે છે .શિક્ષકોએ આપત્તિમાં હાથ ધરવામાં આવેલી મૂળભૂત વ્યૂહરચનાઓને જાણવાની જરૂર છે .આપત્તિઓ માટે સારી રીતે જાગૃત અને તૈયાર રહેવા માટે, આપણે દરેક સ્તરે જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યો વિકસાવવાની જરૂર છે.

***Key Words:*** આપત્તિ વ્યવસ્થાપન, શાળા સલામતી, આપત્તિઓ અંગેની જાગૃતિ.

## 1. પ્રસ્તાવના:

શાળાઓ દેશના વિકાસ અને દેશના વિકાસને પ્રભાવિત કરતી સૌથી મહત્વપૂર્ણ સંસ્થાઓમાંની એક છે અને તેમને ભાવિ નાગરિકોના નિર્માણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે .શાળા સલામતીની દ્રષ્ટિએ આપણા રાષ્ટ્રના બાળકો માટે સલામત શિક્ષણનું વાતાવરણ સુનિશ્ચિત કરવું જેટલું મહત્વનું છે ,તેનાથી મહત્વપૂર્ણ બીજું કોઇ કાર્ય નથી.

ભારતના અન્ય ઘણા રાજ્યોની જેમ ગુજરાત પણ વિવિધ પ્રકારના જળ -હવામાન સંબંધી સંકટો ,ભૂસ્તરીય સંકટો , ઔદ્યોગિક ,માનવ સર્જિત અને જૈવિક સંકટો માટે સંવેદનશીલ છે .આ વિવિધ પ્રકારનાં સંકટોમાં ભૂકંપ,પૂર,દુષ્કાળ,વાવાઝોડું ગરમ હવામાન)હીટવેવ (રસાયણો ,પરિવહન /માર્ગ અકસ્માતો ,રોગચાળો વગેરેનો સમાવેશ થાય છે2001 .ના ભુજમાં આવેલા વિનાશકારી ભૂકંપના કારણે 921 વિદ્યાર્થીઓ અને 31 શિક્ષકોના મોત નિપજ્યા હતા.

શાળામાં અને તેની આસપાસ સલામત અને સુરક્ષિત વાતાવરણ અસરકારક શિક્ષણ માટેની પૂર્વશરત છે .શાળાના બાળકોની સલામતીને ધ્યાનમાં રાખીને અને તેમને ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્ર તરીકે સલામત શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવા માટે ભારતની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ) NDMA(એ2016 માં શાળાના બાળકોને સલામતીના દ્રષ્ટિકોણ સાથે રાષ્ટ્રીય શાળા સલામતી નીતિ માર્ગદર્શિકા તૈયાર કરી હતી અને તેના અમલીકરણ માટે રાજ્યોને નિર્દેશ કર્યો હતો .આપત્તિ વ્યવસ્થાપન યોજનાની તૈયારી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ 2005 હેઠળ ફરજિયાત જોગવાઈઓમાંની એક છે .પ્રસ્તુત પેપરમાં અમદાવાદના શિક્ષકોમાં શાળા સલામતી અંગેની જાગૃતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**2. અભ્યાસનું શીર્ષક**

શાળાના શિક્ષકોમાં શાળા સલામતી જાગૃતિનો અભ્યાસ
A STUDY OF SCHOOL SAFETY AWARENESS AMONG SCHOOL TEACHERS

**3. હેતુઓ:**

1. શિક્ષકો માટે શાળા સલામતી જાગૃતિ સંશોધનીની રચના કરવી.
2. શિક્ષકોની શાળા સલામતી જાગૃતિનો તેમની જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. શિક્ષકોની શાળા સલામતી જાગૃતિનો તેમના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. શિક્ષકોની શાળા સલામતી જાગૃતિનો તેમના વિષયના પ્રવાહના સંદર્ભમાં અભ્યાસ કરવો.
5. શિક્ષકોની શાળા સલામતી જાગૃતિનો તેમની શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**4. અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

**Ho1** શિક્ષકોમાં પુરુષોએ અને સ્ત્રીઓએ શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

**Ho2** શિક્ષકોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

**Ho3** શિક્ષકોમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સ વિષયના પ્રવાહમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

**Ho4** શિક્ષકોમાં સરકારી અને ખાનગી શાળાના પ્રકારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

**5. અભ્યાસનું ક્ષેત્ર :** પ્રસ્તુત સંશોધનના ક્ષેત્રો પ્રાથમિક શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન છે.

**6. સંશોધન પ્રકાર :** પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારિક સંશોધન છે.

**7. સંશોધન પદ્ધતિ** :

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિથી હાથ ધરવામાં આવેલ હતું.

**સંશોધનનું સીમાંકન -** પ્રસ્તુત સંશોધન અમદાવાદના પ્રાથમિક શાળાઓના શિક્ષકો પૂરતું સીમિત હતું.

**સંશોધનના ચલો**

**સ્વતંત્રચલ :** 1.જાતિ 2.વિસ્તાર 3. વિષય પ્રવાહ 4.શાળા પ્રકાર

**પરતંત્ર ચલ** : શાળા સલામતી જાગૃતિ સંશોધનીનું પરિણામ

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદની 2439 શાળાઓના તમામ શિક્ષકો વ્યાપવિશ્વ હતા.

પ્રસ્તુત સંશોધનમા અમદાવાદની શાળાઓને સ્તરીકૃત યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવેલ હતી. સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિથી નમૂના તરીકે અમદાવાદની 40 (ગ્રામ્ય વિસ્તાર 20 અને શહેરી વિસ્તાર 20) શાળાઓની પસંદગી કરવામા આવેલ હતી .અને પસંદગી પામેલ શાળાઓમાંથી 210 શિક્ષકો નમૂના માટે પસંદગી કરવામા આવેલ હતા. જેમાં પુરુષો 130 અને સ્ત્રીઓ 80 શિક્ષકો ,ગ્રામ્ય વિસ્તાર 73 અને શહેરી વિસ્તાર 137 શિક્ષકો ,આર્ટસ70 ,કોમર્સ 32અને સાયન્સ 108 શિક્ષકો , સરકારી 97 અને ખાનગી શાળા 113 શિક્ષકો પસંદ કરવામાં આવેલ હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં શાળા સલામતી અંગેની જાગૃતિ તપાસવા માટે સંશોધક રચિત શાળા સલામતી જાગૃતિ સંશોધનીની રચના કરવામાં આવેલ હતી.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા અમદાવાદના શિક્ષકોને શાળા સલામતી અંગેની જાગૃતિ માટેની સંશોધક રચિત સંશોધની આપવામાં આવી હતી .ત્યારબાદ તે સંશોધની પરત લઇ આપેલા ઉત્તરની સત્યાર્થતા અનુસાર ગુણાંકન કરવામાં આવ્યું હતું.

શિક્ષકો પાસેથી માહિતી ઓનલાઇન મેળવી શકાય તે માટે ગૂગલ ફોર્મની રચના પણ કરવામાં આવેલ હતી.

**માહિતીનું પૃથક્કરણ**

હેતુઓને ધ્યાનમાં રાખી પ્રાપ્ત માહિતીનું વર્ગીકરણ કરવામાં આવેલ હતું .પ્રાપ્ત માહિતી પરથી સરાસરી,પ્રમાણ વિચલન,ટી-ગુણોત્તર શોધવામા આવેલ હતા .

**માહિતીનું અર્થઘટન**

ઉત્કલ્પનાની સાર્થકતા ચકાસવા માટે ક્રાંતિક ગુણોત્તર (t- મૂલ્ય) શોધવામાં આવેલ હતું .ક્રાંતિક ગુણોત્તર (t- મૂલ્ય)ના આધારે તેનું અર્થઘટન કરવામાં આવેલ છે.

**Ho1** શિક્ષકોમાં પુરુષોએ અને સ્ત્રીઓએ શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

શિક્ષકોમાં પુરુષોએ અને સ્ત્રીઓએ શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 67.06 અને 73.20 મળે છે, પ્રમાણ વિચલન અનુક્રમે 20.56 અને 16.47 અને ક્રાંતિક ગુણોત્તર(t- મૂલ્ય) 2.26 છે. જે 0.05 સાર્થકતા કક્ષા સારણિયન મૂલ્ય કરતાં વધારે છે .તેથી અહીં **Ho1** નો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે શિક્ષકોમાં પુરુષોએ અને સ્ત્રીઓએ શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો છે અને તે સ્ત્રીઓની તરફેણમાં છે. એટલે કે **શિક્ષકોમાં સ્ત્રીઓ શાળા સલામતી જાગૃતિની બાબતમાં પુરુષો કરતાં ચડિયાતી છે.**

**Ho2** શિક્ષકોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

શિક્ષકોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 64.52 અને 72 મળે છે, પ્રમાણ વિચલન અનુક્રમે 23.19 અને 16.37 અને ક્રાંતિક ગુણોત્તર(t- મૂલ્ય) 2.72 છે. જે 0.05

સાર્થકતા કક્ષા સારણિયન મૂલ્ય કરતાં વધારે છે .તેથી અહીં **Ho2** નો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે શિક્ષકોમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો છે અને તે શહેરીવિસ્તારની તરફેણમાં છે. એટલે કે **શહેરી વિસ્તારના શિક્ષકો શાળા સલામતી જાગૃતિની બાબતમાં ગ્રામ્ય શિક્ષકો કરતાં ચડિયાતા છે.**

**Ho3** શિક્ષકોમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સ વિષયના પ્રવાહમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

શિક્ષકોમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સ શાળા વિષયના પ્રવાહમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 61.50, 69.22 અને 74.57 મળે છે, પ્રમાણ વિચલન અનુક્રમે 22.08, 13.71 અને 17.04 અને ક્રાંતિક ગુણોત્તર(t- મૂલ્ય) 1.08 છે. જે 0.05 સાર્થકતા કક્ષા સારણિયન મૂલ્ય કરતાં ઓછું છે .તેથી અહીં **Ho3** નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે શિક્ષકોમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સ વિષયના પ્રવાહમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો નથી. અને જે કોઈ તફાવત મળેલ છે તે આકસ્મિક છે. એટલે કે **શિક્ષકોમાં આર્ટસ,કોમર્સ અને સાયન્સ વિષયના પ્રવાહમાં શાળા સલામતી જાગૃતિની બાબતમાં એક સમાન છે.**

**Ho4** શિક્ષકોમાં સરકારી અને ખાનગી શાળાના પ્રકારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોના સરેરાશ અંકો વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત નહીં હોય

શિક્ષકોમાં સરકારી અને ખાનગી શાળાના પ્રકારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 64.33 અને 73.75 મળે છે, પ્રમાણ વિચલન અનુક્રમે 20.01 અને 17.61 અને ક્રાંતિક ગુણોત્તર(t- મૂલ્ય) 3.63 છે. જે 0.05 સાર્થકતા કક્ષા સારણિયન મૂલ્ય કરતાં વધારે છે .તેથી અહીં **Ho4** નો અસ્વીકાર કરવામાં આવે છે. તેથી કહી શકાય કે શિક્ષકોમાં સરકારી અને ખાનગી શાળાના પ્રકારમાં શાળા સલામતી જાગૃતિ સંશોધની પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો છે અને તે ખાનગી શાળાની તરફેણમાં છે. એટલે કે **શિક્ષકોમાં ખાનગી શાળાના શિક્ષકો શાળા સલામતી જાગૃતિની બાબતમાં સરકારી શાળાના શિક્ષકો કરતાં ચડિયાતા છે.**

**8. અભ્યાસના તારણો :**

સંશોધકે શાળા સલામતી જાગૃતિ સંશોધનીના પ્રાપ્તાંકોનું માપન કર્યા બાદ તે મેળવેલ પ્રાપ્તાંકોનું અર્થઘટન કર્યું અને તેને આધારે સંશોધનની ઉત્કલ્પનાઓની ચકાસણી કરી આ અર્થઘટન બાદ આ મુજબ તારણો મળ્યા છે.

1. શિક્ષકોમાં શાળા સલામતી જાગૃતિની બાબતમાં તેમની જાતિની અસર જોવા મળે છે.
2. શિક્ષકોમાં શાળા સલામતી જાગૃતિની બાબતમાં તેમના વિસ્તારની અસર જોવા મળે છે.
3. શિક્ષકોમાં શાળા સલામતી જાગૃતિની બાબતમાં વિષયના પ્રવાહની અસર જોવા મળતી નથી.
4. શિક્ષકોમાં શાળા સલામતી જાગૃતિની બાબતમાં શાળાના પ્રકારની અસર જોવા મળે છે.

અભ્યાસના તારણોના આધારે, સૂચનો આપવામાં આવ્યા છે.

1. અભ્યાસક્રમમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયનો સમાવેશ કરવો જોઈએ .
2. શાળા સલામતી જાગૃતિ પર તાલીમ માર્ગદર્શિકા અને પુસ્તિકાઓ વિકસાવવી જોઈએ .
3. શાળા સત્તાવાળાઓએ શાળાના શિક્ષકોમાં પણ જાગૃતિ લાવવા માટે સંબંધિત એજન્સીઓ સાથે સહયોગ કરવો જોઈએ જેથી તેઓ વિદ્યાર્થીઓને તે મુજબ માર્ગદર્શન આપે .
4. પોસ્ટરો અને સામયિકોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓમાં શાળા સલામતી જાગૃતિ અને સજ્જતાના સંદેશાઓ ફેલાવી શકાય છે .

5. દસ્તાવેજી અને વિડિયોનો ઉપયોગ ,જ્ઞાન પ્રસારિત કરવા અને જાગૃતિ લાવવા માટે થઈ શકે છે .
6. શિક્ષકોએ વિષયમાં રસ વધારવા માટે સ્પર્ધાઓ,સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સામેલ થવું જોઈએ .
7. સંબંધિત સત્તાવાળાઓ સાથે મળીને તમામ શાળામાં સમયાંતરે મોક ડ્રીલ અને ઈવેક્યુએશન ડ્રીલનો ઉપયોગ કરવો જોઈએ અને શિક્ષકોએ તે કવાયતમાં સક્રિયપણે સામેલ થવું જોઈએ .

**9.** સ્વીકૃતિ **:-** વર્તમાન અભ્યાસમાં ઊંડો રસ લેવા અને તેમનો સંપૂર્ણ સહયોગ આપવા માટે સંશોધક ઉત્તરદાતાઓનો આભાર માને છે.

ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ દ્વારા આપત્તિઓની અસરો વિશે જાગૃત કરી શકાય છે .આપણે આપણી જીવનશૈલી બદલીએ તે અગત્યનું છે અને જો આપણે માનસિક અને આધ્યાત્મિક સ્તરે આપણી રીતો નહીં બદલીએ, તો તે અનિવાર્ય છે કે આપણે ગ્લોબલવોર્મિંગ અને અભૂતપૂર્વ કુદરતી આફતોની અસરોનો અનુભવ કરવાનું ચાલુ રાખીશું .માત્ર આધ્યાત્મિક અભ્યાસ જ દૂષિત માનવ મનને શુદ્ધ મનમાં પરિવર્તિત કરી શકે છે .આથી, આપણે કુદરતી આફતો અને આબોહવા પરિવર્તનના મૂળ કારણોને સમજીએ અને વિશ્વમાં પ્રદૂષણને નાબૂદ કરવા માટે યોગ્ય પગલાં લઈએ તે આવશ્યક છે.

**સંદર્ભસૂચિ :**

1. આફતો, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન(2008) G.D.C.M.A.
2. આચાર્ય, મોહિની (2009) શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર)પ્રથમ આવૃતિ: અક્ષર પબ્લિકેશન,અમદાવાદ.
3. ઉચાટ, ડી.એ (2009) શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર)પ્રથમ આવૃત્તિ : શિક્ષણશાસ્ત્ર ભવન ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.
4. કાર્ડીઓ પલ્મોનરી રીસસીટેશન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન G.D.C.M.A.
5. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન નીતિ, GSDMP ગુજરાત સરકાર
6. દેસાઇ એચ. જી .અને દેસાઇ કે.જી (1992) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ યુનિર્વર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ,અમદાવાદ.
7. દેસાઇ એચ. જી .અને દેસાઇ કે.જી (1992) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ અમદાવાદ; યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય.
8. દીક્ષીત, નીલેન્દ્ર (2006) આપત્તિનું વ્યવસ્થાપન, અરુણોદય પ્રકાશન, અમદાવાદ.
9. પંડ્યા,(2001)ભૂકંપ માહિતી અને ઘટના) પ્રથમ આવૃતિ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ.
10. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજના (2016) ભારત સરકાર
11. વટમોરી, જી.ટ (2007) પર્યાવરણ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ નવભારત સાહિત્ય મંદિર,અમદાવાદ
12. શાહ, દિપીકા બી (2009) શૈક્ષિણિક સંશોધન પ્રથમ આવૃતિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
13. શાળા આપત્તિ જોખમ વ્યવસ્થાપન પ્લાન(2022) , SDRMP ગુજરાત સરકાર.

**Web References:**

- https://www.ijhsdm.org/article.asp?issn=2347-9019;year=2015;volume=3;issue=1;spage=20;epage=27;aul 1#ref15
- https://gsebsolutions.in/gseb-class-7-social-science-important-questions-chapter-13-in-gujarati/
- https://www.cpolicy.in/p/gujarat-all-district-primary-school.html